eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 192
August 14, 2009

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

ડે. કમિશ્નરશ્રી (જન.) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી નાં માર્ગ દર્શન હેઠળ સાઉથઝોન(ઉધના) નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત તા. ૧૦/૦૮/૨૦૦૯ ના રોજ નીચે મુજબ ડીમોલીશન કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વધશાળા/કતલખાનાઓ બંધ રાખવા બાબત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં. ૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮થી વિદિત થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જુલાઈ ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૩૭૯૧ ઈન્ડોર ૪૦૬૧૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામા આવી હતી. નાના ૨૨૩ તથા ૫૫૬ મોટા ઓપરેશનો હાથ ધરવામા આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા)ની કામગીરી

પૂર્વ(વરાછા) માં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૧૧૩ (સ્કુલ અને પ્લે ગ્રાઉન્ડ) માટેનાં અનામત પ્લોટમાં ભરતનગર સોસાયટીનાં કેટલાક સબ પ્લોટોનું બાંધકામ કરી રહેણાંક માટેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરંતુ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

ડે. કમિશ્નરશ્રી (જન.) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી નાં માર્ગ દર્શન હેઠળ સાઉથઝોન(ઉધના) નાં શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત તા. ૧૦/૦૮/૨૦૦૯ ના રોજ નીચે મુજબ ડીમોલીશન કરેલ છે.

ટી.પી.સ્કીમ નં–૨૨ (ભેસ્તાન) સંગમ સોસાયટીના પશ્ચિમ તરફે આગળ ફા.પ્લોટ નં–૭૧ "ડીસ્ટ્રીકટ સેન્ટર" ના રીઝર્વેશનમાં આશરે ૨૫૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં માલધારીની વસાહતો, ઢોરઢાંખર સાથે સાત–આઠ કાચા/પાકા છાપરાવાળા ઝુંપડાઓનું દબાણ કરવામાં આવેલ. જે દૂર કરવામાં આવેલ છે.

TOP

## વધશાળા/કતલખાનાઓ બંધ રાખવા બાબત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં. ૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિતે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ તા. ૧૬–૦૮–૨૦૦૯થી તા. ૨૩–૦૮–૨૦૦૯ સુધી તેમજ દિંગબર જૈન સંવત્સરી(અનંત ચતુર્દશી) / ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા. ૦૩–૦૯–૨૦૦૯ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશે.

TOP

## માહે જુલાઈ ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૩૭૯૧ ઈન્ડોર ૪૦૬૧૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામા આવી હતી. નાના ૨૨૩ તથા ૫૫૬ મોટા ઓપરેશનો હાથ ધરવામા આવ્યા હતા. ૫૭૮૩ એક્ષ–રે પાડવામા આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૭૫ અને જુના ૩૪૮ દર્દીઓ સહિત કુલ ૭૨૩ દર્દીઓને તપાસવામા આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૮૮ દર્દીઓને સારવાર આપવામા આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૨૮ તથા આંખ વિભાગમાં ૨૩૯૫ આઉટડોર દર્દીઓનું નિરીક્ષણ કરવામા આવ્યું હતું. ગરીબ તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૮૫૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામા આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પૂર્વઝોન(વરાછા)ની કામગીરી

પૂર્વ(વરાછા) માં ટી.પી. સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૧૧૩ (સ્કુલ અને પ્લે ગ્રાઉન્ડ) માટેનાં અનામત પ્લોટમાં ભરતનગર સોસાયટીનાં કેટલાક સબ પ્લોટોનું બાંધકામ કરી રહેણાંક માટેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પરંતુ પૈકી સબ પ્લોટ નં. ૩૨૪ થી ૩૨૭ માં ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનો અને કેટલાક વાડાનો ખુલ્લો ભાગ તથા સબ પ્લોટ નં. ૩૧૮ થી ૩૨૦ માં હયાત ગ્રાઉન્ડ ફ્લોર વત્તા બે માળનાં મકાનમાં રહેણાંકનો હેતુ બદલી એમ્બ્રલડરી મશીનો મુકવાનાં ઈરાદાથી આંતરીક ફેરફારો કરી ચણતરની દિવાલ દાદર વગેરેની પોજીશન બદલી ઔદ્યોગીક હેતુમાટે વપરાશ કરવાનાં ઈરાદાથી બાંધકામો ચાલુ કરવામાં આવેલ હતા.

આથી તા. ૧૨–૦૮–૦૯ના રોજ દબાણખાતાનાં અને શહેર વિકાસનાં સ્ટાફે (પૂર્વઝોન) ડિમોલીશન હાથ ધરેલ હતુ. અતયાર સુધીમાં અંદાજે ૩૦૦૦ ચો.ફુટ નું ગેરકાયદેસર બાંધકામ દૂર કરી અનામત પ્લોટનો કબ્જો સુરત મહાનગરપાલિકા એ અસ્તગત કરેલ છે. આ કામે અંદાજે ૧૦૦ (સો) જેટલો દબાણ–સીકયોરીટીનો સ્ટાફ કામે લગાડવામાં આવેલ હતો. આ સાથે વરાછા પોલીસ સ્ટેશન અંતર્ગતનાં સ્ટાફે હાજરી આપી કાયદા આને વ્યવસ્થાની જાળવણીમાં સંપૂર્ણ સહયોગ આપેલ હતો.

TOP